




**IPL 2026** આજની મેચ | LSG Vs GT — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: લખનૌ | MI Vs RCB — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: મુંબઇ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 4 | 4 | 0 | 0 | 8 | 2.055 |
| PBKS | 4 | 3 | 0 | 1 | 7 | 0.720 |
| RCB | 3 | 2 | 1 | 0 | 4 | 1.231 |
| DC | 3 | 2 | 1 | 0 | 4 | 0.811 |
| LSG | 3 | 2 | 1 | 0 | 4 | -0.359 |
| SRH | 4 | 1 | 3 | 0 | 2 | -0.024 |
| GT | 3 | 1 | 2 | 0 | 2 | -0.270 |
| MI | 3 | 1 | 2 | 0 | 2 | -0.715 |
| KKR | 4 | 0 | 3 | 1 | 1 | -1.315 |
| CSK | 3 | 0 | 3 | 0 | 0 | -2.517 |

# પંજાબ કિંગ્સે હૈદરાબાદને 6 વિકેટથી હરાવ્યું

**શ્રેયસ** અય્યરે કેપ્ટન ઇનિંગ રમી 220 રનનો લક્ષ્યાંક સહેલાઈથી પાર પાડ્યો

**પ્રિયાંશ** આર્યાએ 16 બોલમાં અડધી સદી ફટકારી

**અભિષેક** શર્માના તોફાની 74 રન એળે ગયા



મુલ્લાનપુર, તા. 11 (પીટીઆઈ): આઈપીએલ 2026ની શનિવારે રમાયેલી હાઈ-સ્કોરિંગ મેચમાં પંજાબ કિંગ્સે (PBKS) સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામે 6 વિકેટથી વિજય મેળવ્યો છે.

શ્રેયસ અય્યરે કેપ્ટન તરીકે શાનદાર પ્રદર્શન કરતા માત્ર 33 બોલમાં અણનમ 69 રન ફટકારીને 220 રનનો મુશ્કેલ લક્ષ્યાંક 7 બોલ બાકી રહેતા પાર પાડ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે અભિષેક શર્માના તોફાની 74 રન (28 બોલ, 8 સિક્સ) અને ટ્રેવિસ હેડના 38 રનની મદદથી 8.1 ઓવરમાં જ 120 રન બનાવી લીધા હતા. જોકે, પંજાબના બોલરોએ શાનદાર વાપસી કરી હતી. શશાંક સિંહે એક જ ઓવરમાં બંને ઓપનરોને આઉટ કરીને રન ગતિ રોકી હતી. અંતે હૈદરાબાદે 6 વિકેટે 219 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબને પ્રિયાંશ આર્યા (20 બોલમાં 57) અને પ્રભસિમરન સિંઘ (25 બોલમાં 51) વચ્ચેની 99 રનની ઓપનિંગ ભાગીદારીએ વિસ્ફોટક શરૂઆત અપાવી હતી. પંજાબે પાવરપ્લેમાં જ 93 રન ઝૂડી કાઢ્યા હતા. પ્રિયાંશે હર્ષલ પટેલની એક ઓવરમાં બે છગ્ગા અને બે ચોગ્ગા ફટકારી માત્ર 16 બોલમાં અડધી સદી પૂરી કરી હતી.અંતમાં શ્રેયસ અય્યરે પરિપક્વતા બતાવી ટીમને જીત સુધી પહોંચાડી હતી. આ જીત સાથે પંજાબે પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

| સનરાઈઝર્સ હૈદરાબાદ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અભિષેક કો અર્શદીપ બો શશાંક | 74 | 28 | 5 | 8 |
| ટ્રેવિસ કો બાર્ટલેટ બો શંશાક | 38 | 23 | 5 | 1 |
| ઈશાન કો ચાનસેન બો અર્શદીપ | 27 | 17 | 3 | 1 |
| ક્લાસેન કો કોનોલી બો બાર્ટલેટ | 39 | 33 | 1 | 1 |
| અનિકેત વર્મા રન આઉટ | 18 | 9 | 1 | 1 |
| સલિલ કો બાર્ટલેટ બો અર્શદીપ | 9 | 8 | 0 | 1 |
| નીતીશ રેડ્ડી અણનમ | 0 | 1 | 0 | 0 |
| હર્ષ દુબે અણનમ | 1 | 2 | 0 | 0 |
| વધારાના | 13 | | | |
| કુલ 20 ઓવરમાં 6 વિકેટે | 219 રન | | | |

**વિકેટ પતન:** 1-120, 2-122, 3-169, 4-195, 5-214, 6-218

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 50 | 2 |
| ઝેવિયર બાર્ટલેટ | 4 | 0 | 42 | 1 |
| માર્કો ચાનસેન | 4 | 0 | 40 | 0 |
| વિજયકુમાર વૈશાક | 2 | 0 | 33 | 0 |
| શશાંક સિંહ | 3 | 0 | 20 | 2 |
| યુજવેન્દ્ર ચહલ | 3 | 0 | 33 | 0 |

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રિયાંશ કો નીતીશ બો શિવાંગ | 57 | 20 | 5 | 5 |
| પ્રભસિમરન કો ક્લાસેન બો શિવાગં | 51 | 25 | 4 | 4 |
| કોનોલી કો વર્મા બો શિવાંગ | 11 | 12 | 1 | 0 |
| શ્રેયસ અય્યર અણનમ | 69 | 33 | 5 | 5 |
| નેહલ વાઢેરા બો દુબે | 14 | 14 | 0 | 1 |
| શંશાંક સિંહ અણનમ | 16 | 9 | 1 | 1 |
| વધારાના | 5 | | | |
| કુલ 18.5 ઓવરમાં 4 વિકેટે | 223 રન | | | |

**વિકેટ પતન:** 1-99, 2-117, 3-128, 4-197

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| હર્ષ દુબે | 4 | 0 | 38 | 1 |
| જયદેવ ઉનડકટ | 3 | 0 | 40 | 0 |
| એશાન મલિંગા | 3 | 0 | 46 | 0 |
| હર્શલ પટેલ | 2 | 0 | 39 | 0 |
| શિવાંગ કુમાર | 4 | 0 | 33 | 3 |
| નીતીશ રેડ્ડી | 2 | 0 | 20 | 0 |
| અભિશેક શર્મા | 0.5 | 0 | 7 | 0 |

# 50 વર્ષ પહેલાં ભારતે વેસ્ટઈન્ડિઝના ગઢમાં રચ્યો હતો ઈતિહાસ

આજે બરાબર એ દિવસને 50 વર્ષ પૂરા થાય છે જ્યારે ભારતે ત્રિનિદાદના પોર્ટ ઓફ સ્પેનના ક્વીન્સ પાર્ક ઓવલ મેદાન પર વેસ્ટ ઈન્ડિઝ સામે ચોથી ઇનિંગમાં 404 રનનો લક્ષ્યાંક પાર કરીને તે સમયનો ચોથી ઈનિંગમાં સૌથી મોટા લક્ષ્યાંકનો સફળ પીછો કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

સૌ પ્રથમ, થોડી પૃષ્ઠભૂમિ. આ શ્રેણીની ત્રીજી ટેસ્ટ હતી, જેમાં વેસ્ટ ઈન્ડિઝ બાર્બાડોસમાં જીતીને શ્રેણીમાં એક-શૂન્યથી આગળ હતું અને પોર્ટ ઓફ સ્પેનમાં રમાયેલી બીજી ટેસ્ટ ડ્રો રહી હતી. ભારતીય કાફલો ત્રીજી ટેસ્ટ માટે ગયાના પહોંચ્યો હતો. ત્યાં અમારું સ્વાગત મુશળધાર વરસાદે કર્યું, જેના કારણે ગયાના સામેની મેચ ધોવાઈ ગઈ. વરસાદ અટકવાનું નામ લેતો ન હતો અને બોર્ડા ઓવલ મેદાન પાણીમાં ગરકાવ હતું, તેથી ટેસ્ટ મેચ રમાવાની શક્યતા ક્ષણે-ક્ષણે ક્ષીણ થઈ રહી હતી. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડ અને ભારતીય ટીમ મેનેજમેન્ટ વચ્ચે ટેસ્ટ મેચને બાર્બાડોસ અથવા પોર્ટ ઓફ સ્પેન ખસેડવા અંગે ઉગ્ર ચર્ચાઓ થઈ, જ્યાં ભારત માંડ એક અઠવાડિયા પહેલા જ રમ્યું હતું. બાર્બાડોસમાં અમે ત્રણ દિવસમાં જ હારી ગયા હોવાથી ત્યાં ફરી જવાની અમારી જરાય ઈચ્છા ન હતી, અને ત્રિનિદાદમાં મોટી સંખ્યામાં ભારતીય મૂળના સમર્થકો હોવાને કારણે અને ત્યાં એક સારી, ભલે ડ્રો થયેલી ટેસ્ટ રમ્યા હોવાથી, અમે ત્યાં પાછા જવા માટે ખૂબ જ ખુશ હતા.

વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ઇનિંગમાં મોટી લીડ લીધી અને ક્લાઈવ લોયડે એલ્વિન કાલિચરણ તેની સદી પૂરી કરે ત્યાં સુધી રાહ જોઈ અને પછી ઇનિંગ ડિકલેર કરી, જેણે અમને ડ્રો માટે ટકી રહેવા માટે સાડા ચાર સત્રો આપ્યા.

હા, જ્યારે અમે મેચની ચોથી ઇનિંગમાં બેટિંગ કરવા ઉતર્યા, ત્યારે અમે લક્ષ્યાંક વિશે નહીં પણ માત્ર ટકી રહેવા વિશે વિચારી રહ્યા હતા. દિવસના અંતે, અમે માત્ર અંશુમન ગાયકવાડની વિકેટ ગુમાવીને બોર્ડ પર 134 રન બનાવ્યા હતા. જ્યાં સુધી હું આઉટ ન થાઉં ત્યાં સુધી મેં કેટલા રન કર્યા છે તે જાણવા હું ન હતો માગતો અને સ્કોરબોર્ડ તરફ જોતો ન હતો, તેથી ચોથા દિવસની રમત પૂરી થઈ ત્યારે મને ખબર ન હતી કે હું 86 રન પર રમી રહ્યો છું. બેટિંગના કેટલાક એવા તબક્કા હોય છે જે મનમાં રહી જાય છે અને તે ઈનિંગ મારી કારકિર્દીની સૌથી લયબદ્ધ ઈનિંગ હતી. હું સૌથી લયબદ્ધ એટલા માટે કહું છું કારણ કે બીજી સવારે ડાબોડી સ્પિનર રફીક જુમાદીન સામે આઉટ (કેચ અને સ્ટમ્પ બંને) થતા પહેલા બાકીના 16 રન કરવા માટે મેં એક કલાક સંઘર્ષ કર્યો હતો. ગુંડપ્પા વિશ્વનાથ સ્થિર રમી રહેલા મોહિન્દર અમરનાથ સાથે જોડાયા અને તેઓએ સારી ગતિએ સ્કોરબોર્ડ ચાલતું રાખ્યું. વિશી (વિશ્વનાથ) તો બસ વિશી જ હતા, તેઓ બેકફૂટ પર જઈને તેમના અત્યંત ટૂંકા બેટ હેન્ડલથી બોલને બાઉન્ડ્રી તરફ એટલી ઝડપથી ફટકારતા હતા કે જેટલી ઝડપથી બોલ બેટ પર આવતો હતો. અને જ્યારે હોલ્ડિંગ એન્ડ કંપનીએ બોલને શોર્ટ પિચ પર નાખવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેઓ અંગૂઠા પર ઊભા રહીને છાતી પાસે આવતા બોલને સ્ક્વેર લેગ ફેન્સ તરફ ફ્લિક કરતા હતા. મોહિન્દર હંમેશની જેમ અડગ રહીને મજબૂત રીતે ડિફેન્સ કરી રહ્યા હતા અને વિકેટો વચ્ચે ચતુરાઈથી દોડી રહ્યા હતા, જોકે વિડંબના એ હતી કે જ્યારે અમે લોયડ દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકની નજીક હતા ત્યારે તેઓ રન આઉટ થયા.

આ તબક્કે જ અમને લાગ્યું કે જીત શક્ય છે પરંતુ વિશી થોડો વધુ સમય બેટિંગ કરે તે જરૂરી હતું. તેઓ પણ રન આઉટ થયા પરંતુ તે પરિસ્થિતિમાં જ્યાં સુધી કોઈ મોટો ધબડકો ન થાય ત્યાં સુધી રમત અમારા હાથમાં હતી. એવું કંઈ થયું નહીં કારણ કે બ્રિજેશ પટેલ અને મદન લાલે કેટલાક શાનદાર શોટ્સ રમીને થોડી ઓવર બાકી રહેતા અમને વિજય અપાવ્યો. એ વાત યાદ રાખવી, આ એ સમય હતો જ્યારે દિવસની રમત સાડા પાંચ કલાકની હતી જેમાં ચા પછીનું સત્ર 90 મિનિટનું હતું. છેલ્લા દિવસે ચાના અડધા કલાક પછી ફરજિયાત 20 ઓવરની રમત શરૂ થતી હતી.

હવે અમે સાતમા આસમાને હતા કારણ કે હવે એક ટેસ્ટ મેચ બાકી હતી અને શ્રેણી બરાબર પર આવી ગઈ હતી. ડ્રેસિંગ રૂમના દ્રશ્યો અવિશ્વસનીય હતા, પરંતુ અમે સભાન હતા કે વિન્ડીઝની ટીમ અમને સાંભળી શકતી હતી કારણ કે ડ્રેસિંગ રૂમની વચ્ચે માત્ર એક જ દીવાલ હતી. બાદમાં અમને કહેવામાં આવ્યું કે અમે ટેસ્ટ મેચ જીતવા માટે ચોથી ઇનિંગમાં સર ડોન બ્રેડમેનની ઓસ્ટ્રેલિયાની ટીમનો 404 રનનો રેકોર્ડ તોડી નાખ્યો છે.



**લેઈટ કટ**

**- સુનિલ ગવાસ્કર**

કેટલીક જીત અન્ય કરતા વધુ યાદગાર હોય છે અને આ ચોક્કસપણે એવી જ છે જે ચહેરા પર સ્મિત લાવી દે છે. આ જીત પછી જ અમે માનવા લાગ્યા કે કંઈપણ શક્ય છે અને ત્યારબાદ મારી કારકિર્દી દરમિયાન અમે વધુ બે વાર 400 થી વધુ રનના લક્ષ્યાંકને આંબી લેવાની નજીક પહોંચ્યા હતા.

1978માં એડિલેડમાં રમાયેલી છેલ્લી નિર્ણાયક ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ અમને ચોથી ઇનિંગમાં 493 રનનો લક્ષ્યાંક આપ્યો હતો જ્યારે શ્રેણી 2-2 થી બરાબરી પર હતી. અમે 445 રન બનાવ્યા હતા જેમાં એક પણ બેટ્સમેને સદી કરી નહોતી અને પછી એક વર્ષ પછી અમે બ્રિયરલીની ઈંગ્લેન્ડની ટીમ દ્વારા આપવામાં આવેલા 438 રનના લક્ષ્યાંકની ખૂબ નજીક પહોંચ્યા હતા, ફરીથી શ્રેણીની છેલ્લી ટેસ્ટમાં અને ભારત માત્ર 9 રનથી પાછળ રહી ગયું અને બે વિકેટ બાકી હતી ત્યારે મેચ ડ્રો રહી હતી.

ત્યારબાદ અમારો રેકોર્ડ ચેઝ એક-બે વાર તૂટ્યો છે, પરંતુ 50 વર્ષ પછી પણ તે અવિશ્વસનીય જીતની યાદો તે મેચમાં રમનાર તમામના મનમાં હજુ પણ તાજી છે.

# ચેન્નાઈએ દિલ્હી સામે 213 રનનો લક્ષ્યાંક મુક્યો

**સેમસને** 56 બોલમાં અણનમ 115 રન ફટકાર્યા

**આયુષ** મ્હાત્રેની અડધી સદી



ચેન્નાઈ, તા. 11 (પીટીઆઈ): ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને દિલ્હી કેપિટલ્સ (DC) વચ્ચે રમાયેલી મેચમાં સંજુ સેમસનની શાનદાર સદી અને આયુષ મ્હાત્રેની અર્ધસદીની મદદથી ચેન્નઈએ 2 વિકેટે 212 રનનો મજબૂત સ્કોર ઊભો કર્યો હતો.

IPL 2026ની સીઝનમાં ખરાબ શરૂઆત બાદ સેમસને ફોર્મ પરત મેળવતા માત્ર 56 બોલમાં અણનમ 115 રન ફટકાર્યા હતા, જેમાં 15 ચોગ્ગા અને 4 છગ્ગાનો સમાવેશ થાય છે. આ સેમસનની IPL કારકિર્દીની ચોથી અને CSK માટે પ્રથમ સદી છે. 31 વર્ષીય સેમસને માત્ર 52 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નઈ ટીમ માટે સેમસન અને યુવા બેટર આયુષ મ્હાત્રે વચ્ચે બીજી વિકેટ માટે 11થી વધુ ઓવરમાં 113 રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાઈ હતી. મ્હાત્રેએ પણ આકર્ષક શોટ્સ ફટકારીને પોતાની ફ્લુઅન્ટ અર્ધસદી પૂરી કરી હતી. જોકે, શિવમ દુબેને બેટિંગની તક આપવા માટે મ્હાત્રેને 'રિટાયર્ડ આઉટ' કરવામાં આવ્યો હતો. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ પાવરપ્લેમાં ખાસ આક્રમક દેખાયો નહોતો.

સેમસને મુકેશ કુમાર અને કુલદીપ યાદવ જેવા બોલરો સામે આક્રમક વલણ અપનાવી ચેપોક સ્ટેડિયમમાં હાજર ચાહકોનું મનોરંજન કર્યું હતું. અંતે CSKએ 20 ઓવરમાં 2 વિકેટે 212 રન બનાવી દિલ્હી સામે મોટો પડકાર મૂક્યો હતો.

| ચેન્નાઈ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સંજુ સેમસન અણનમ | 115 | 56 | 15 | 4 |
| ગાયકવાડ કો નિસાંકા બો અક્ષર | 15 | 18 | 1 | 0 |
| આયુષ રિટાયર્ડ આઉટ | 59 | 36 | 3 | 4 |
| શિવમ દુબે અણનમ | 20 | 10 | 2 | 1 |
| વધારાના | 3 | | | |
| કુલ 2 વિકેટે | 212 | | | |

**વિકેટ પતન:** 1-62, 2-175

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| આકીબ નબી | 2 | 0 | 17 | 0 |
| મુકેશ કુમાર | 4 | 0 | 37 | 0 |
| અક્ષર પટેલ | 4 | 0 | 39 | 1 |
| ટી નટરાજન | 4 | 0 | 54 | 0 |
| લુંગી એનગીડી | 4 | 0 | 41 | 0 |
| કુલદીપ યાદવ | 2 | 0 | 24 | 0 |

# બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપ: આયુષ શેટ્ટી ફાઈનલમાં

**આયુષે** ડિફેન્ડિંગ ચેમ્પિયન અને ઓલિમ્પિક સિલ્વર મેડલિસ્ટ કુનલાવુત વિતિદસાર્નને હરાવી મોટો ઉલટફેર કર્યો

**આયુષ** 1965 પછી આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય પુરુષ ખેલાડી

નિંગ્બો (ચીન), તા. 11 (પીટીઆઈ): ભારતનો ઉભરતો સ્ટાર આયુષ શેટ્ટી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો છે. શનિવારે રમાયેલી સેમીફાઈનલમાં વિશ્વના 25મા ક્રમના આયુષે મોટો ઉલટફેર કરતા ડિફેન્ડિંગ ચેમ્પિયન અને ઓલિમ્પિક સિલ્વર મેડલિસ્ટ થાઈલેન્ડના કુનલાવુત વિતિદસાર્નને 10-21, 21-19, 21-17થી હરાવ્યો હતો. 75 મિનિટ ચાલેલી આ રોમાંચક મેચમાં પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ આયુષે શાનદાર વાપસી કરી હતી.

આ જીત સાથે આયુષ દિનેશ ખન્ના (1965) પછી આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સ ફાઈનલમાં પહોંચનારો પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. 20 વર્ષીય આયુષે આ અઠવાડિયે વિશ્વના ટોપ-10 ખેલાડીઓ લિ શી ફેંગ અને જોનાથન ક્રિસ્ટીને પણ હરાવીને પોતાની તાકાત બતાવી છે. ભારતના પૂર્વ ચીફ કોચ વિમલ કુમારે તેની માનસિક મજબૂતી અને આક્રમક રમતની પ્રશંસા કરી હતી.

માંગલોરના આ યુવા ખેલાડીએ ઈન્ડોનેશિયન કોચના માર્ગદર્શન હેઠળ પોતાની રમત અને ડિફેન્સમાં ઘણો સુધારો કર્યો છે. હવે રવિવારે રમાનારી ફાઈનલમાં આયુષનો સામનો ચીનના બીજા ક્રમના શી યુ ક્વિ સામે થશે.

# શું મુંબઈ ઈન્ડિયન્સ ડિફેન્ડિંગ ચેમ્પિયન RCB સામે કરી શકશે વાપસી?

**હિટમેન** અને કિંગ આમને-સામને: રોહિત શર્માના હોમ ગ્રાઉન્ડ પર વિરાટ કોહલીનો પડકાર

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી

મુંબઈ, તા. 11 (પીટીઆઈ): આઈપીએલની હર વખતની જેમ આ વર્ષે પણ ધીમી શરૂઆત બાદ, મુંબઈ ઈન્ડિયન્સ (MI) રવિવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે મેદાને ઉતરશે. 13 સીઝન બાદ પ્રથમ વખત મુંબઈએ જીત સાથે શરૂઆત કરી હતી,

પરંતુ ત્યારબાદ સતત બે મેચોમાં કારમી હારનો સામનો કરવો પડ્યો છે. હાલમાં મુંબઈ પોઈન્ટ ટેબલમાં આઠમા સ્થાને છે અને તેનો નેટ રન રેટ (-0.715) પણ ચિંતાનો વિષય છે.

મુંબઈ માટે રોહિત શર્મા ફોર્મમાં છે, પરંતુ મધ્યમ ક્રમમાં સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માની સાતત્યતા ચિંતા જગાવે છે.

કેપ્ટન હાર્દિક પંડ્યા પણ હજુ સુધી બેટથી કમાલ કરી શક્યો નથી. બીજી તરફ, બુમરાહ જેવા દિગ્ગજ બોલરને પણ ગત મેચમાં રાજસ્થાનના બેટરોએ હંફાવ્યો હતો. મુંબઈ માટે વિલ જેક્સની ગેરહાજરી હજુ પણ વર્તાઈ રહી છે.

સામે પક્ષે, RCBની ટીમ ભલે ગત મેચ હારી હોય, પરંતુ તેમનું બેટિંગ યુનિટ અત્યંત મજબૂત છે. કેપ્ટન રજત પાટીદાર (142 રન), વિરાટ કોહલી (129 રન) અને દેવદત્ત પડિક્કલ (125 રન) શાનદાર લયમાં છે. ફિનિશર તરીકે ટિમ ડેવિડ અને વેંકટેશ અય્યર જેવા હાર્ડ-હિટર્સ તેમની પાસે છે.

બોલિંગમાં જોશ હેઝલવુડના આવવાથી અને ભુવનેશ્વર કુમાર સાથેની તેની જોડીથી RCB વધુ ખતરનાક બન્યું છે. વાનખેડેની બેટિંગ ફ્રેન્ડલી વિકેટ પર રવિવારે હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળી શકે છે.

# આજે લખનૌના ઘરઆંગણે ગુજરાત ટાઇટન્સનો પડકાર

**એકાના** સ્ટેડિયમમાં લખનૌનો રેકોર્ડ ખરાબ રહ્યો છે, દિલ્હી સામે 1 રનથી જીત્યા બાદ ગુજરાતની ટીમ જોશમાં છે

**મેચ** બપોરે 3.00 વાગ્યે શરૂ થશે



લખનઉ, તા. 11 (પીટીઆઈ): રવિવારે રમાનારી IPL મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) અને ગુજરાત ટાઇટન્સ (GT) સામસામે ટકરાશે. લખનૌ ભલે ઘરની બહારની મેચમાં શાનદાર જીત મેળવીને આવ્યું હોય, પરંતુ એકાના સ્ટેડિયમમાં તેનો નબળો રેકોર્ડ ચિંતાનો વિષય છે. ગત સીઝનમાં તેઓ અહીં 8માંથી 6 મેચ હાર્યા હતા. આ વર્ષે પણ પ્રથમ હોમ ગેમમાં દિલ્હી સામે તેમનો ધબડકો થયો હતો.

જોકે, ટીમમાં નવા સ્ટાર મુકુલ ચૌધરીના આગમનથી ભારે ઉત્સાહ છે. રાજસ્થાનના આ 21 વર્ષીય યુવાને કોલકાતા સામે વીજળીક ઝડપે સિક્સરો ફટકારી અને તેના આદર્શ એમ એસ ધોનીની શૈલીમાં 'હેલિકોપ્ટર શોટ' મારીને સૌને ચોંકાવી દીધા હતા. આ ઉપરાંત આયુષ બદોનીનું ફોર્મમાં પરત ફરવું અને મિશેલ માર્શ, એડન માર્કરામ, ઋષભ પંત તથા નિકોલસ પૂરન જેવા ખેલાડીઓની હાજરી લખનૌના બેટિંગ ક્રમને મજબૂત બનાવે છે.

બીજી તરફ, ગુજરાત ટાઇટન્સ પણ દિલ્હી સામે 1 રનથી રોમાંચક જીત મેળવીને ફુલ ફોર્મમાં છે. કેપ્ટન શુભમન ગિલ (70 રન) અને જોસ બટલર (52 રન) ફોર્મમાં પરત ફર્યા છે. બોલિંગમાં રાશિદ ખાન ફરી એકવાર પોતાની જૂની લયમાં જોવા મળ્યો છે, તેણે દિલ્હી સામે 17 રન આપી 3 વિકેટ ઝડપી હતી. બપોરની મેચ હોવાથી એકાનાની ધીમી પીચ પર રાશિદ ખાન અને વોશિંગ્ટન સુંદરની સ્પિન જોડી લખનૌના બેટરો માટે મોટો પડકાર બની શકે છે.

# પ્રીમિયર લીગ: વેસ્ટ હેમે વુલ્વ્સને 4-0થી કચડી નાખ્યું

**ટોટનહામ** રેલિગેશન ઝોનમાં ધકેલાયું



લંડન, તા. 11 (એપી): વેસ્ટ હેમે શનિવારે રમાયેલી પ્રીમિયર લીગ મેચમાં શાનદાર પ્રદર્શન કરતા વોલ્વરહેમ્પટન વુલ્વ્સને 4-0થી હરાવ્યું હતું. આ જીત સાથે વેસ્ટ હેમે લીગમાં એક મહિનાથી ચાલી રહેલા વિજયના દુષ્કાળનો અંત લાવ્યો છે.

આ પરિણામની સૌથી મોટી અસર પોઈન્ટ ટેબલ પર પડી છે, જેમાં ટોટનહામ આ સીઝનમાં પ્રથમ વખત રેલિગેશન ઝોન એટલે કે 'ડ્રોપ ઝોન'માં ધકેલાઈ ગયું છે. હવે રવિવારે સન્ડરલેન્ડ સામેની મેચ ટોટનહામ માટે ખૂબ જ મહત્વની બની રહેશે.

મેચની વાત કરીએ તો, પ્રથમ હાફમાં રમત થોડી ધીમી રહી હતી પરંતુ હાફ-ટાઈમ પહેલાં જેરોડ બોવેનના ક્રોસ પર કોન્સ્ટેન્ટિનોસ માવરોપાનોસે શાનદાર હેડર વડે ગોલ કરી 1-0થી લીડ અપાવી હતી. બીજા હાફમાં વેસ્ટ હેમે આક્રમક રમત બતાવી હતી. વેલેન્ટિન કાસ્ટેલાનોસે મધ્યમાં માત્ર 3 મિનિટના અંતરે 2 ગોલ ફટકારીને સ્કોર 3-0 કરી દીધો હતો. મેચ પૂરી થવાની 7 મિનિટ પહેલાં માવરોપાનોસે કોર્નર કિક પર એક અદભૂત વોલી વડે પોતાનો બીજો અને ટીમનો ચોથો ગોલ કરીને વુલ્વ્સની હાર નિશ્ચિત કરી દીધી હતી.

આ હાર બાદ વુલ્વ્સની ટીમ ટેબલમાં સૌથી નીચેના સ્થાને રહી છે અને તેમના માટે લોઅર લીગમાં જવાનું જોખમ વધી ગયું છે.

## આજનું પંચાંગ

**તા. 12/04/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વિક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: દસમ : 25:18
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 22
**યોગ :** સાધ્ય **કરણ:** વણિજ
**નક્ષત્ર :** શ્રવણ : 15:14
**રાશિ:** મકર (ખ.જ.) 27:45 પછી કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:55
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1395 આદર માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નવા કામ માટે યોજના બને. સામાજિક કામથી શાંતિ મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. વડીલોની મદદથી રાહત રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** ધાર્મિક પ્રસંગ-સત્સંગ વગેરેમાં ભાગ લેવાનું બને. કાયદા કાનૂન, પ્રકાશન, સાહિત્ય, શિક્ષણ ક્ષેત્રે ભાગ્યનો સાથ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ગુપ્તભય સતાવે. હરીફોથી સાવધાન ખાવા-પીવાનાં શોખીનોનું પેટ બગડી શકે છે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** ઘર-પરિવારમાં તાલમેળ રહે. કૌટુંબિક મેળવડાનો આનંદ મળે. ઘરમાં નાનાં સભ્યોને મદદરૂપ બનશો.

**સિંહ (મ,ટ,):** સમાજ અને સંબંધીઓમાં રહેલ હરીફોથી સાવધાન. વિજાતિય મિત્રોથી સાવધાન ઘરમાં અવરજવર રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઇચ્છિત મુલાકાત થાય. જૂના-મિત્રોને મળવાથી મન હળવું બને. પ્રેમમાં ભેટ-સોગાદની આપ-લેથી આત્મવિશ્વાસ.

**તુલા (ર,ત,):** વડીલો અને સમાજના મોભાદાર વ્યક્તિઓની સલાહતી નવી તક મળે. ઘરમાં આનંદજનક વાતાવરણ.

**વૃશ્ચિક (ન,ય,):** મિત્રો, ભાઈ, બહેન, અડોશ-પડોશને મદદરૂપ બનશો. અચાનક નવી મુલાકાતથી રચનાત્મક પ્રવૃત્તિ થાય. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખાણી-પીણી, મોજ-શોખ અને પારિવારિક ધંધા વ્યવસાયમાં આવક વધે. કૌટુંબિક પ્રશ્નો સતાવે. મન અશાંત.

**મકર (ખ,જ,):** મન અતિ ચંચળ અને અસ્થિર રહે. પડવા-વાગવાથી સાવધાન. નોકરી-ધંધા માટેની નવી તક મળી શકે છે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સંતાન, જીવન સાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. અચાનક મિલન-મુલાકાતથી ખુશી વધે. ખર્ચા વધસે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના વિજાતિય મિત્રો અને પ્રેમીજનોનો સાથ આત્મવિશ્વાસ વધારે. આવક વધશે.

## કોઈ પણ સાલમાં 12 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી હરીફો દોડ-ધામ, કામનો બોજ, સ્થાન ફેર વગેરેનો સામનો કરવાનું થશે. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણઈની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો ઉપયોગ અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. વિદેશનાં કામ અટકે. વિદ્યાર્થીઓને મદદ મળતી રહેશે. વારસા, જાયદાદ જમીન જેવાં કામ ધીમાં પડે. વધારાની આવક માટેની યોજનામાં મિત્રો વડીલોની મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં પ્રગતિ થાય. નવા રોકાણ અને પ્રેમ પ્રકરણોમાં સાવધાની રાખવી. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર, ગુરુ શુક્રવાર, 3, 12,21, 30 તારીખે નવા કામ કરી શકાય. પીળો, સોનેરી, જાંબલી રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20, 29 તારીખે નવાં કામ ટાળવાં. લાલ અને ભૂરા રંગનો ઉપયોગ ટાળવો.


## અનુસંધાન ... પાના પહેલાનું


### ભારતીય ઘરોમાં...

રોકાણના સ્વરૂપમાં જોઈ રહ્યા છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર, ભારત સરકાર પાસે સત્તાવાર રીતે 880 ટન સોનું છે અને આ બાબતમાં ભારત દુનિયામાં 8મા ક્રમે છે. પરંતુ, જ્યારે વાત 'પ્રાઈવેટ હોલ્ડિંગ' એટલે કે ઘરોમાં રાખેલા સોનાની આવે છે, ત્યારે ભારત દુનિયાનો 'રાજા' છે.

### નરેન્દ્ર મોદી અને...

પાસે જઈને લાંબી વાતચીત કરી હતી. ત્યારબાદ અન્ય નેતાઓ પણ આ વાતચીતમાં જોડાયા હતા. જો કે તેમની વચ્ચે શું વાતચીત થઇ તે તરત જાણવા મળ્યું ન હતું. મોદી અને રાહુલ ગાંધી વચ્ચે જાહેરમાં જોવા મળતા સામાન્ય વ્યવહાર કરતા આ દ્રશ્ય તદ્દન અલગ અને હૂંફાળું હતું, કારણ કે સામાન્ય રીતે રાજકીય મેદાનમાં બંને વચ્ચે આકરા કટાક્ષો અને નિવેદનોની આપ-લે થતી હોય છે. સોશિયલ મીડિયા પર તેમની વાતચીતનો આ વીડિયો ખૂબ જ વાયરલ થયો છે.

### યુદ્ધવિરામ પછી...

જ્યારે લગભગ ૧૫ ભારતીય ધ્વજ ધરાવતા જહાજો હજુ પણ તે પ્રદેશમાં છે અને બહાર નીકળવાની રાહ જોઈ રહ્યા છે. મુંબઈ સ્થિત 'ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપની'ની માલિકીનું જગ વિક્રમ ૨૬,૦૦૦ ટનથી વધુની ક્ષમતા ધરાવતું મધ્યમ કદનું ગેસ કેરિયર છે. જ્યારે પશ્ચિમ એશિયાનો સંઘર્ષ ફાટી નીકળ્યો ત્યારે હોર્મુઝ સામુદ્રધૂની વિસ્તારમાં ઓછામાં ઓછા ૨૮ ભારતીય જહાજો હતા, જેમાં ૨૪ જળમાર્ગની પશ્ચિમ બાજુએ અને ચાર પૂર્વ બાજુએ હતા. અગાઉ, પશ્ચિમ બાજુથી આઠ અને પૂર્વ બાજુથી બે જહાજો સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા.

### ચીને સલ્ફ્યુરિક...

ઉપયોગ DAP અને NPK જેવા ફોસ્ફેટ ખાતરો બનાવવામાં થાય છે. જો ખાતરનું ઉત્પાદન પ્રભાવિત થશે, તો તેની સીધી અસર ખેતી અને દેશની ખાદ્ય સુરક્ષા પર પડશે. અનુમાન છે કે લાખો હેક્ટર જમીન પર પાક ઉત્પાદન ઘટી શકે છે, જે ભવિષ્યમાં ખાદ્ય સંકટ નોતરી શકે છે. ખાતર સિવાય મેટલ પ્રોસેસિંગ, ખાસ કરીને કોપર અને ઝિંક ઉત્પાદન માટે પણ આ રસાયણ અનિવાર્ય છે. સલ્ફ્યુરિક એસિડના અભાવે કોપરનું ઉત્પાદન ઘટશે, જેના કારણે પેટા-પેદાશ તરીકે મળતી ચાંદીના ઉત્પાદન પર પણ અસર પડશે. આ ઉપરાંત ટેક્સટાઈલ, ડિટર્જન્ટ, કેમિકલ અને પેટ્રોલિયમ જેવા ક્ષેત્રો પણ આ સંકટની લપેટમાં આવી શકે છે.

### પાકિસ્તાનમાં અમેરિકા...

ફરી શરૂ કરવામાં આવશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તેમને અમેરિકા પર વિશ્વાસ નથી, કારણ કે ભૂતકાળમાં મંત્રણા દરમિયાન પણ હુમલા થયા છે. જોકે, તેઓ 'સાચી સમજૂતી' માટે તૈયાર છે. ઈરાને ૧૦-પોઈન્ટનો પ્લાન રજૂ કર્યો છે, જેમાં અમેરિકી દળોની પશ્ચિમ એશિયામાંથી પીછેહઠ અને પ્રતિબંધો ઉઠાવવાની માંગ સામેલ છે.

આ મંત્રણાની સફળતા કે નિષ્ફળતા માત્ર પશ્ચિમ એશિયાની સુરક્ષા જ નહીં, પરંતુ વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ અને આંતરરાષ્ટ્રીય રાજનીતિ પર દૂરગામી અસરો પાડી શકે છે. સમગ્ર વિશ્વની નજર આ 'લેન્ડમાર્ક પીસ નેગોશિયેશન્સ' પર ટકેલી છે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું આઠમું અમૃત ! કોકમનું શરબત ! હાયપર એસિડિટી ઉપર આ શરબત ફેરવે મોટી કરવત.

# કોહલીએ સૂર્યવંશીને આપી વિશેષ ભેંટ

ગુવાહાટી, તા. 11 (પીટીઆઈ): 15 વર્ષીય યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશી અત્યારે IPL 2026માં પોતાની નિર્ભય બેટિંગથી ઈતિહાસ રચી રહ્યો છે. શુક્રવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમાયેલી મેચમાં વૈભવે માત્ર 26 બોલમાં 78 રનની આક્રમક ઈનિંગ રમીને રાજસ્થાન રોયલ્સની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઈનિંગ દરમિયાન તેણે જોશ હેઝલવુડ જેવા દિગ્ગજ બોલરોની બરાબરની ધોલાઈ કરી હતી. આ શાનદાર પ્રદર્શન બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો અને તે ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન સાથે 'ઓરેન્જ કેપ' ધારક પણ બની ગયો છે. મેચ બાદ દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ આ યુવા પ્રતિભાને ખાસ ભેટ આપી હતી. કોહલીએ વૈભવની કેપ પર ઓટોગ્રાફ આપીને ખાસ સંદેશ લખ્યો: 'ડિયર વૈભવ, વેલ ડન.' ઉલ્લેખનીય છે કે વૈભવ હવે IPL ઈતિહાસનો માત્ર બીજો એવો બેટ્સમેન બની ગયો છે જેણે બે વાર 15 કે તેથી ઓછા બોલમાં અડધી સદી ફટકારી હોય. આ જીત સાથે રાજસ્થાન રોયલ્સ અત્યાર સુધી રમાયેલી ચારેય મેચો જીતીને અજેય રહી છે.